પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૯૪ | ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૧, શુક્રવાર; ભાદરવા વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

વૉશિંગ્ટનમાં 'મોદી-મોદી'ના નારા લાગ્યા

વડાપ્રધાન મોદીનું વૉશિંગ્ટન પહોંચતા ભવ્ય સ્વાગત - અફઘાનિસ્તાનમાં તાજેતરના વિકાસ, કોરોના સંકટ, રસીકરણ સહિત તમામ મુદ્દાઓ પર ભારતની ભૂમિકા ખૂબ મહત્વની છે, જેની વૈશ્વિક અસર છે. આવી સ્થિતિમાં વિશ્વની નજર પીએમ મોદીની આ મુલાકાત દરમિયાન યોજાનારી તમામ બેઠકો પર છે.પોતાની ત્રણ દિવસની મુલાકાતે પીએમ મોદી અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે. બંને નેતાઓ વચ્ચે આ પ્રથમ મુલાકાત હશે. આ સિવાય પીએમ મોદી અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને પણ મળવાના છે. પીએમ મોદીએ ક્વાડ દેશોની બેઠકમાં ભાગ લેવાનો છે. ત્યાં, વડા પ્રધાન સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાને પણ સંબોધિત કરશે.વડા પ્રધાન નરેન્દ્ર મોદી પોતાના ત્રણ દિવસના પ્રવાસ માટે અમેરિકા પહોંચ્યા છે. ભારતીય સમયાનુસાર ગુરૂવારે સવારે પીએમ મોદી વૉશિંગ્ટન પહોંચ્યા, જ્યાં ભારતીય સમુદાયે પીએમ મોદીનુ જોરદાર સ્વાગત કર્યુ. હવે આજથી જ પીએમ મોદી પોતાની બેઠકમાં જશે. જેમાં પહેલા દિવસે કેટલીક કંપનીના ઝઈઁ સાથે મુલાકાત પણ થવાની છે. કોરોના સંકટ કાળની વચ્ચે પહેલીવાર પીએમ મોદીની કોઈ મોટી વિદેશ યાત્રા થઈ રહી છે. ગુરૂવારે સવારે લગભગ સાડા ત્રણ વાગે (ભારતીય સમયાનુસાર) જ્યારે પીએમ મોદી વૉશિંગ્ટન પહોંચ્યા ત્યારે ત્યાં ભારતીય સમુદાયે તેમનુ સ્વાગત કર્યુ. પીએમ મોદીએ તમામનો આભાર માન્યો.

તાલિબાન મુદ્દે ચીનનો પ્રસ્તાવ તમામ દેશોએ ફગાવી દીધો

યુએનની સુરક્ષા પરિષદમાં ચીનનો ભારે રકાસ : તાલિબાની નેતાઓને યાત્રા કરવા માટેની છૂટ વધારવાના ચીનના પ્રસ્તાવને એક પણ દેશનું સમર્થન ન મળી શક્યું

નવી દિલ્હી, તા.૨૩

સંયુક્ત રાષ્ટ્ર એટલે કે યુએનની સુરક્ષા પરિષદમાં તાલિબાનના નેતાઓને યાત્રા કરવા માટે અપાયેલી સમય મર્યાદામાં વધારો કરવા માટે ચીને પ્રસ્તાવ મુક્યો હતો. ચીને કહ્યુ હતુ કે, તાલિબાની નેતાઓને યાત્રા કરવા માટે ૯૦ દિવસની છૂટ અપાયેલી છે જે વધારીને ૧૮૦ દિવસની કરવામાં આવે. જોકે આ પ્રસ્તાવનો સુરક્ષા પરિષદમાં સામેલ એક પણ દેશે સમર્થન નહીં કરતા ચીનનો ફજેતો થયો હતો. સભ્ય દેશોનુ કહેવુ હતુ કે, તાલિબાનના નેતાઓને છૂટ આપવા માટે આટલી ઉતાવળ

● અનુસંધાન પાન-૭ પર

સેન્સેક્સ અને નિફ્ટીમાં જોરદાર તેજી

તેજી સાથે નવી ઊંચાઈ પર બંધ : શેરબજારના રોકાણકારોને ચાંદી જ ચાંદી : સેન્સેક્સમાં ૯૫૮ અને નિફ્ટીમાં ૨૭૬ પોઈન્ટો હનુમાન કૂદકો, બજાજ ફિનસર્વ, એલએન્ડટી સહિતના શરોમાં તેજીની જોરદાર ચમક જોવા મળી

મુંબઈ, તા.૨૨

સકારાત્મક વૈશ્વિક સંકેતોની વચ્ચે સ્થાનિક સૂચકાંક ગુરૂવારે નવા રેકોર્ડ ઉચ્ચ સ્તરે બંધ થયા. સેન્સેક્સ ૯૫૮.૦૩ પોઈન્ટ એટલે કે ૧.૬૩ ટકાના ઊછાળા સાથે ૫૯,૮૮૫.૩૬ પોઈન્ટન સ્તર પર બંધ થયો. એનએસઈ નિફ્ટી ૨૭૬.૩૦ પોઈન્ટ એટલે કે ૧.૫૭ ટકાની તેજી સાથે ૧૭,૮૨૩ પોઈન્ટના સ્તરે બંધ થયો. નિફ્ટી પર બજાજ ફિનસર્વ, હિંદાલ્કો ઈન્ડસ્ટ્રીસ, ટાટા મોટર્સ, લાર્સન એન્ડ ટૂબ્રો તથા કોલ ઈન્ડિયાના શેરોમાં સર્વાધિક ઊછાળો નોંધાયો. બીજી તરફ એચડીએફસી લાઈફ, ડો. રેડ્ડીસ લેબ, નેસ્લે ઈન્ડિયા, આઈટીસી અને ટાટા કન્ઝુયુમર પ્રોડક્ટસના શેર ગિરાવટ સાથે બંધ થયા. સેક્ટોરલ ઈન્ડેક્સની વાત કરીએ તો રિયાલિટી ઈન્ડેક્સમાં નવ ટકાનો ઊછાળો નોંધાયો હતો. તો બી આઈટી, મેટલ, બેંક, કેપિટલ ગુડ્સ, ઓઈલ એન્ડ ગેસ ઈન્ડેક્સમાં એક-એક ટકાની તેજી નોંધી હતી. બીએસઈ સેન્સેક્સ પર બજાજ ફિસર્વના શેરોમાં સૌથી વધુ ૫.૧૫ ટકાનો ઊછાળો જોવા મળ્યો. આ ઉપરાંત એલએન્ડટીના શેરમાં ૩.૪૬ ટકા, એચડીએફસીના શેરમાં ૩.૧૧ ટકા, એક્સિસ બેંકમાં ૩.૧૧ ટકા, એસબીઆઈમાં ૨.૪૬ ટકા,

● અનુસંધાન પાન-૭ પર

ધ વૈદિક એસ્ટ્રોલિજકલ ફાઉન્ડેશન (રજી.)
એસ્ટ્રોલોજી સ્માર્ટ ક્લાસીસ
સર્ટિફિકેટ કોર્ષ મુદત : ત્રણ માસ (દર રવિવારે) ૭ ઓક્ટો. શરૂ
● જ્યોતિષ ગણિત / ફળકથન / વાસ્તુશાસ્ત્ર
● કે.પી. પદ્ધતિ / હસ્તરેખા શાસ્ત્રનું પદ્ધતિસરનું શિક્ષણ
વેદિક એસ્ટ્રો વિદ્યામંદિર
Cont. : No. 9824647435 / 6351402865

કેન્દ્ર સરકાર એમએસપી પર કાયદો બનાવે એવી શક્યતા

ઉત્તર પ્રદેશની ચૂંટણી પહેલાં કેન્દ્ર ખેડૂતોને રિઝવશે : ભાજપના નેતાઓએ હાઈકમાન્ડને શેરડીના ભાવ વધારવા અને એમએસપી પર કાયદો બનાવવાનું પણ સૂચન કર્યું

નવી દિલ્હી, તા.૨૩

ત્રણ કૃષિ કાયદાની વાપસી અને એમએસપીની માગને લઈને ખેડૂતોને સાધવા માટે સરકાર વિધાનસભા ચૂંટણી પહેલા એમએસપી પર કાયદો બનાવે તેવી શક્યતા છે. ભાજપના નેતાઓએ હાઈકમાન્ડને શેરડીના ભાવ વધારવા અને એમએસપી પર કાયદો બનાવવાનું પણ સૂચન કર્યું છે. ખેડૂતોને વર્તમાન એમએસપીને ગેરંટી કાયદો બનાવવાને બદલે સી -૨ પ્લસ ૫૦ ની માંગણી કરવામાં આવી છે. યુપી, હરિયાણા, રાજસ્થાન અને પંજાબના ખેડૂતો છેલ્લા દસ મહિનાથી દિલ્હીની સરહદ પર આંદોલન કરી રહ્યા છે. સંયુક્ત કિસાન મોરચા યુપી અને

● અનુસંધાન પાન-૭ પર

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેકટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

પ્રધાનમંત્રી ડિજિટલ હેલ્થ મિશન ૨૭મીએ લોન્ચ થશે

આગામી સપ્તાહે કેન્દ્ર સરકાર મોટી યોજના શરૂ કરશે : યુનિક હેલ્થ આઈડીમાં વ્યક્તિનો પૂરો હેલ્થ રેકોર્ડ હશે, આધાર કાર્ડ, મોબાઈલ નંબરની મદદથી આઈડી બનશે

નવી દિલ્હી, તા.૨૩

વડા પ્રધાન નરેન્દ્ર મોદી આગામી અઠવાડિયે એક મોટી યોજનાની શરૂઆત કરવાના છે. જેમાં દરેક ભારતીયને યુનિક હેલ્થ આઈડી મળશે. પીએમ મોદી ૨૭ સપ્ટેમ્બરે પ્રધાનમંત્રી ડિજિટલ હેલ્થ મિશનને લોન્ચ કરશે. સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ આની જાણકારી આપી છે. યુનિક હેલ્થ આઈડીમાં વ્યક્તિનો પૂરો હેલ્થ રેકોર્ડ હશે. જાણકારી અનુસાર જે યુનિક આઈડી મળશે તે લોકોના આધાર કાર્ડ અને મોબાઈલ નંબરની મદદથી બનશે. પીએચ-ડીએચએમનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતની સ્વાસ્થ્ય સેવા પ્રણાલી વધારે શ્રેષ્ઠ કરવાનો છે. આને હેલ્થકેરની જરૂરિયાતોનુ વન-સ્ટોપ સોલ્યુશન બનાવવાની તૈયારી છે. આને હેલ્થકેર સર્વિસ આપનારા સંસ્થાનો સુધી પહોંચાડવુ ઘણુ સરળ હશે અને તેની જવાબદારી પણ વધશે. યુનિક હેલ્થ આઈડી એક ૧૪ અંકોને રેન્ડમ રીતે જનરેટ નંબર હશે. આની મદદથી શખ્સનુ હેલ્થ રેકોર્ડ રાખવામાં આવી શકે છે. જરૂરી

● અનુસંધાન પાન-૭ પર

Pagarav Hospital & I.C.U. પગારવ હોસ્પિટલ અને આઇ.સી.યુ.
૫૧૨/૧,૨૪ ચાર રસ્તા પાસે, એસબીઆઇની સામે, સે-૨૩, ગાંધીનગર.
ઘુંટણના સાંધાના રોગો માટે મફત નિદાન કેમ્પ
તારીખ ૨૬-૦૯-૨૦૨૧ (રવિવાર) || સમય સવારે ૦૯ થી ૦૧
■ શું આપને ચાલતા સમયે ઘુંટણમાંથી અવાજ આવી રહ્યો છે?
■ શું ઘુંટણના દુખાવાના લીધે તમારા રોજીંદી કામગીરીમાં અસર થઈ રહી છે?
■ શું કોઈ ડૉક્ટર દ્વારા આપના ઘુંટણમાં ઘસારો છે. તેવું જણાવ્યું છે? તો આ મફત નિદાન કેમ્પ આપના માટે મદદરૂપ રહેશે.
■ એક્સરે માં ૫૦% રાહત આપવામાં આવશે.
કેમ્પમાં આવનાર તમામ દર્દીઓને બી.એમ.ડી (B.M.D) મશીન દ્વારા મફત માં તપાસ કરી આપવામાં આવશે.
કેમ્પમાં માસ્ક તથા સોશિયલ ડિસ્ટન્સીંગ ફરજીયાત રાખવું
કેમ્પ અપોઈન્ટમેન્ટ માટે કોલ કરો મો. ૮૯૮૦૮૦૯૭૫૩ / ૫૪
મુખ્ય મંત્રી અમૃતમ યોજના (કીડની ના રોગો, ડાયાલીસીસ, જોઈન્ટ રીપ્લેસમેન્ટ, કેન્સર વગેરે)
માઁ યોજના અને આયુષ્યમાન ભારતની સુવિધા ઉપલબ્ધ
કેશલેસ અને મેડીક્લેમની સુવિધા ઉપલબ્ધ
ફિઝીશીયન • જનરલ સર્જન • ગાયનેક • પિડીયાટ્રીક • ઓર્થોપેડીક • ઓપ્થેલ્મોલોજી • મનોરોગ
ડેન્ટલ • ઇ.એન.ટી. • ફિઝીયોથેરાપી • આઇ.સી.યુ. • એન.આઇ.સી.યુ. • ચામડીના રોગો

Upgrade from Boxy Car to Premium Hatchback i20.

Electric sunroof

Bose premium 7 speaker system

Tyre pressure monitoring system with display on digital cluster

Oxy Boost air purifier with AQI

Wide transmission options: DCT, IVT, iMT, MT

Engine Options
1.0 l Turbo GDi petrol engine
1.2 l Kappa petrol engine
1.5 l U2 CRDi diesel engine

Test drive today.
HYUNDAI

For more details give a missed call on 8884450242 | Wonder Warranty* | Complete peace of mind 3 Years road side assistance (RSA) | Lowest cost of maintenance## | Hyundai Mobility Membership | For any bulk/corporate inquiry kindly contact at skaran@hmil.net

*Terms & Conditions apply. Benefits include cash discount, exchange bonus and benefits for government or corporate employees, whichever is applicable. ^Ex-showroom (Delhi). ~Applicable on select models and variants. Hyundai is also available in CSD and GeM, contact us at ajitrana@hmil.net. #Loan is at sole discretion of the financier. **3 years/100 000 km for SANTRO and Grand i10. 3 Years/unlimited km for VENUE. Wonder warranty with option to choose from 3 years/100 000 km or 4 years/50 000 km or 5 years/ 40 000 km for Grand i10 NIOS and AURA. Wonder warranty with option to choose from 3 years/unlimited km or 4 years/60 000 km or 5 years/ 50 000 km for VERNA, CRETA, ELANTRA and TUCSON. ##Lowest average yearly periodic maintenance service cost starts at ₹ 2 276 (SANTRO Petrol in Delhi for 5 years), Source: Cardekho.com. HMIL reserves the right to withdraw / modify the scheme with out prior notice. Visit your nearest Hyundai dealership for more details. Hyundai urges you to follow traffic rules – these are meant to keep you safe on roads.

GANDHINAGAR : PUNJAB HYUNDAI : Ph. 78200 03300, KALOL : Ph. 98250 48137,
DEHGAM : Ph. 98250 42175, KUDASAN : Ph. 9825035561